# એકમ 8 ક્રમિક પ્રકાશનો અને એકરૂપ આખ્યાઓ

રૂપરેખા

8.0 ઉદ્દેશો
8.1 પ્રસ્તાવના
8.2 ક્રમિક પ્રકાશન એટલે શું ?
8.2.1 ક્રમિક પ્રકાશનની વ્યાખ્યાઓ
8.2.2 ક્રમિક પ્રકાશનોમાં સૂચિકરણની સમસ્યાઓ
8.2.3 ક્રમિક પ્રકાશનની (મુખ્ય નોંધનું) માળખું
8.2.4 ક્રમિક પ્રકાશનની મુખ્ય નોંધનો નમૂનો
8.3 ક્રમિક પ્રકાશનની વિશેષતાઓ અને જટિલતાઓ
8.3.1 વિશેષતાઓ (Limitations)
8.3.2 જટિલતાઓ (Complications)
8.4 ક્રમિક પ્રકાશનોનાં ઉદાહરણો
8.5 એકરૂપ શીર્ષક / મથાળાંઓ એટલે શું ?
8.5.1 એકરૂપ મથાળાંઓ / શીર્ષકોની જરૂરિયાત
8.5.2 એકરૂપ મથાળાંઓ સંબંધી નિયમો
8.6 એકરૂપ મથાળાંઓ / શીર્ષકોનાં ઉદાહરણો
8.7 સારાંશ
8.8 તમારી પ્રગતિ ચકાસોના ઉત્તરો
8.9 ચાવીરૂપ શબ્દો
8.10 સંદર્ભો અને વિશેષ વાંચન

## 8.0 ઉદ્દેશો (Objectives)

આ એકમના અભ્યાસ બાદ આપ ક્રમિક પ્રકાશનો તથા એકરૂપ શીર્ષકોની ભાષાથી અવગત થશો.

1. ક્રમિક પ્રકાશનોની મુખ્ય નોંધનું માળખું અને તેના વિવિધ અંગો અંગેની માહિતી ચકાસવી.
2. ક્રમિક પ્રકાશનોની સૂચિકરણ સંબંધી સમસ્યાઓને નિર્દિષ્ટ કરવી.
3. ક્રમિક પ્રકાશનોની સંપૂર્ણ વાઙ્મયસૂચિગત વિગતો સહિત સૂચિકરણ કરવું.
4. સામાન્ય પ્રકાશન અને એકરૂપ શીર્ષક સંબંધી કૃતિઓ વચ્ચેનો તફાવત જાણવો.
5. એકરૂપ શીર્ષકો સંબંધી કૃતિઓની સૂચિકરણ પદ્ધતિ વર્ણાવવી.
6. એકરૂપ શીર્ષક હેઠળની સૂચિનોંધ એકરૂપ ગ્રંથનામથી જ મુખ્ય નોંધ બનશે.
7. એકરૂપ શીર્ષક હેઠળની સૂચિ સંશોધનના હેતુઓ માટે ઉપયોગમાં લેવાશે.

## 8.1 પ્રસ્તાવના (Introduction)

ક્રમિક પ્રકાશનો વિશિષ્ટ ગ્રંથાલયો માટે કરોડરજ્જુ સમાન છે. ક્રમિક પ્રકાશનોનાં અસરકારક ઉપયોગ માટે તેનું સુયોગ્ય વ્યવસ્થાપન જરૂરી બની રહે છે. આ ક્રમિક પ્રકાશનોમાં સામયિક એ નિયમિત કે અનિશ્ચિત સમયાંતરે નિરંતર ચાલુ રહેલું પ્રકાશન છે. સામાન્ય રીતે એક વર્ષથી ઓછા સમયમાં તેના એક પછી એક અંકો પ્રગટ થાય છે. આ અંકો દ્વારા તેના ગ્રંથો બને છે.

AACR–IIR સૂચિનિયમાવલિમાં સામયિકની મુખ્ય નોંધ તેના નામથી બને છે. ''સામયિકના ગ્રંથનામ''થી તેનું મથાળું નોંધવું. સામયિકના અંકમાં રજૂ થયેલ માહિતી માટે કોઈ એક વ્યક્તિનું કર્તવ્ય નક્કી થઈ શકતું નથી અને સામયિકના અંકો એકથી વધુ વ્યક્તિઓના સંગ્રહ રૂપે ઉદ્દભવે છે. આથી જ સામયિકની મુખ્ય નોંધનું મથાળું સામયિકનાં નામથી આપવું, જ્યારે કોઈપણ સંસ્થા, મંડળો અથવા સરકાર દ્વારા કોઈ સામયિક પ્રકાશિત થતું હોય તો પણ તેના ગ્રંથનામથી મુખ્ય નોંધ બનાવવી અને આ સંસ્થા, મંડળ કે સરકારના મથાળાં હેઠળ વધારાની નોંધ બનાવવી. જ્યાં સમષ્ટિ ગ્રંથકારની જવાબદારી હોય ત્યાં સામયિકના મુખ્ય નોંધ સમષ્ટિ ગ્રંથકારના મથાળાં નીચે અપાય છે.

સામયિકમાં દરેક અંકે લેખસંગ્રહ રૂપે બહાર પડે છે. સામયિકોના લેખો જ્ઞાનની ક્ષિતિજો બધારનારા છે. સૂચિકરણની દૃષ્ટિએ સામયિકો, ક્રમિકો અને નિયમિત પરિષદ પ્રકાશનોનાં નોંધ એક સરખા બને છે.

AACR–IIR ની સૂચિ નિયમાવલીમાં પવિત્ર ધર્મગ્રંથો અને અજ્ઞાત કૃતિઓ માટેના અલગ નિયમો પ્રકરણ 25 માં આપેલા છે. આ અજ્ઞાત કૃતિઓ અને ધર્મગ્રંથો માટે એકરૂપ મથાળાં / ગ્રંથનામ હેઠળ મુખ્ય નોંધ બનાવાય છે. આ નિયમોનું તાત્પર્ય એ છે કે પવિત્ર ધર્મગ્રંથો અને અજ્ઞાત કૃતિઓની અનેક આવૃત્તિઓ જુદા જુદા સમયે અલગ અલગ ગ્રંથનામોથી અનેક કૃતિઓ / ગ્રંથો પ્રગટ થતા રહે છે. તેવી કૃતિની બધી જ નોંધો એક સાથે જ ગોઠવાય અને તેનો ઉપયોગ કરવામાં ઉપભોક્તાઓને સરળતા રહે. આ પ્રકરણનાં પ્રકાશનોની મુખ્ય સમસ્યાઓ એ હોય છે કે તે સામાન્યતઃ પોતાના નામ હેઠળ ઓળખાય છે નહીં કે કોઈપણ કૃતિના સંપાદકો અથવા અનુવાદકોના નામથી. પ્રસ્તુત નિયમાવલિમાં આ પ્રકારની કૃતિઓનું એક શીર્ષક / મથાળાં પસંદ કરવાનું હોય છે, જેથી તે બધી જ કૃતિના બધા જ પ્રકાશનો એક મથાળાં / શીર્ષક હેઠળ રાખી શકાય. તેથી જ આ પ્રકારના શીર્ષકો પ્રસ્તુત નિયમાવલિએ એકરૂપ ગ્રંથનામ Uniform Title તરીકે ઓળખાવ્યું છે.

ધર્મના પાયાના ગ્રંથોને પવિત્ર ગ્રંથો કહે છે. તે ગ્રંથને સામાન્ય રીતે જેને ધર્મના અનુયાયીઓએ અપનાવેલ હોય છે. વેદ, ઉપવિષદ, તંત્ર, ત્રિપિટક, બાઈબલ, ગીતા, કુરાન વગેરે ઉદાહરણો છે. પવિત્ર ગ્રંથ જાતે જ વિષય તરીકે મોટેભાગે ગણાય છે.

આ પ્રકરણમાં / એકમમાં (1) પવિત્ર ધર્મગ્રંથ (2) સંગ્રહો અને (3) અજ્ઞાત કર્તાઓની કૃતિઓની રચના અંગેના નિયમો અને તેના ઉદાહરણો રજૂ કર્યા છે.

## 8.2 ક્રમિક પ્રકાશન એટલે શું ? (What is Serial Publication)

ઉત્તરોત્તર પૃથક-પૃથક ખંડોમાં ક્રમિક સંખ્યા ધારણ કરતું અન્ય અનિશ્ચિતકાળ સુધી પ્રકાશિત થતું પ્રકાશન એટલે ક્રમિક પ્રકાશન.

સામયિક પ્રકાશન એટલે એવાં પ્રકાશનો કે જેનું પ્રકાશન ક્રમિક રીતે થતું હોય, તેના પ્રત્યેક અંક એક નિશ્ચિત સમયાન્તરે પ્રકાશિત થતો હોય છે. જો કે ક્યારેક આ અવધિ અનિશ્ચિત પણ બની શકે છે.

એક કે તેથી વધુ ગ્રંથો વર્ષમાં એકવાર કે કોઈ નિશ્ચિત સમયાંતરે પ્રગટ કરવાના હેતુથી બહાર પડ્યાં હોય, તે દરેક ગ્રંથ અથવા ગ્રંથસમૂહને વર્ષ કે અન્ય કોઈ સંજ્ઞાના આયોજન દ્વારા જુદાં પાડવામાં આવે, તેનું નિશ્ચિત સમયાંતરનું પ્રકાશન અંત સુધી ચાલે તેવો હેતુ હોય અને તેનું ગ્રંથનામ પ્રકાશન દરમિયાન એક જ રહે તેને સામયિક પ્રકાશન કહે છે.

### 8.2.1 ક્રમિક પ્રકાશનની વ્યાખ્યાઓ (Definition of Serial Publication) :

AACR–IIR અનુસાર ક્રમિક પ્રકાશન એટલે "કોઈપણ માધ્યમમાં પ્રકાશન કે જે ઉત્તરોત્તર પૃથક-પૃથક ખંડોમાં, ક્રમિક અંકો અથવા કાળક્રમ ધારણ કરતું હોય અને અનિશ્ચિત કાળ સુધી પ્રકાશિત થવા માટે અભિપ્રેત હોય."

એન્સાયક્લોપિડિયા ઓફ લાયબ્રેરીયન શીપમાં જણાવ્યા અનુસાર ક્રમિક પ્રકાશન એટલે "એવું પ્રકાશન કે જે એક વિશિષ્ટ નામની અંતર્ગત અથવા નિયમિત સમયાંતરે અનુક્રમિક સંખ્યામાં પ્રગટ થાય છે તેને ક્રમિક પ્રકાશન કહેવામાં આવે છે.

આંગ્લ અમેરિકી સૂચિનિયમાવલિ અનુસાર ક્રમિક પ્રકાશન એટલે "કોઈપણ માધ્યમ દ્વારા ક્રમશઃ અનુક્રમાંક અથવા કાળક્રમે અચોક્કસ સમય સુધી જેનું પ્રકાશન થતું જ રહે છે, તેવું સાહિત્ય."

કેટલાંક ક્રમિક પ્રકાશનોને ખાસ કોઈ ભેદ વગર Journals, Periodials અને Magazines તરીકે ઓળખવામાં આવે છે. આમાં Journals અને Periodicals એ બંને સમાનાર્થી છે. પરંતુ Magazine એ એવું લોકપ્રિય સામયિક છે કે જેનું કોઈ વિશેષ મૂલ્ય નથી.

### 8.2.2 ક્રમિક પ્રકાશનોમાં સૂચિકરણની સમસ્યાઓ (Problems in Serial Publication – Cataloguing) :

1. વારંવાર ક્રમિક પ્રકાશનોની સામયિકતાનો બદલાવ.
2. જ્યાં સુધી ક્રમિક પ્રકાશનોના સૂચિકરણ સાથે સંબંધ છે, ત્યાં સુધી તેમને વિશિષ્ટ વર્ગની સામગ્રી તરીકે ગણવા.
3. ક્રમિક પ્રકાશનોની સૂચિ નોંધો માટે ખાસ નિયમોની જરૂર રહે છે જે સમયનાં વહેણો સામે કસોટી તરીકે ઊભા રહેશે અને જરૂરિયાત અનુસાર પરિવર્તનોની અનુમતિ પણ પ્રદાન કરશે.
4. ગ્રંથાલયોમાં સામયિકોના સૂચિકરણ બાબતે એકસૂત્રતા પ્રવર્તતી નથી.
5. ક્રમિક પ્રકાશનો – ગ્રંથપાલોને માટે અનેક વિચિત્રતાઓ અને સૂચિકરણના મુશ્કેલ પ્રશ્નો ઊભા કરતા હોય છે.
6. ક્રમિક પ્રકાશનોનાં સૂચિકરણ માટેના નિયમો AACR–IIR ના પ્રકરણ 12 માં આપવામાં આવ્યા છે. સૂચિનોંધ બનાવતી વખતે કયા નિયમો ક્યાં લાગુ પડશે તેનો નિર્દેશ અહીં કરવામાં આવ્યો છે.
7. ક્રમિક પ્રકાશનોમાં ઘણી બધી વિલક્ષણતાઓ હોય છે.
8. ક્રમિક પ્રકાશનોનું પ્રકાશન અલગ અલગ નામો હેઠળ વિભાજન અને પ્રકાશન થવું, અન્ય કોઈ ક્રમિક પ્રકાશનો સાથે ભળી જવું અને બદલાયેલા નામ હેઠળ પણ પ્રકાશિત થવું વગેરે સમસ્યાઓ જવા મળે છે.

### 8.2.3 ક્રમિક પ્રકાશનની મુખ્ય નોંધનું માળખું (Structure of Serial Publication in Main Entry) :

સામયિકની મુખ્ય નોંધ સામાન્ય પુસ્તકોના સૂચિકાર્યથી અલગ સ્વરૂપે બનતી હોઈ, તેની વિવિધ ભાગોની સ્પષ્ટ સમજ પડે, એ માટે સામયિકની મુખ્ય નોંધનું માળખું અને તેના વિવિધ

અંગો અંગેની માહિતી, સામયિકનો પ્રથમ અંક અથવા જે પ્રાપ્ત હોય તેના પૂંઠાપાન, સંપાદકીય, પૃષ્ઠ અને અન્ય પૃષ્ઠ ઉપરથી લેવાય છે. આ માહિતીના વિભાગો નીચે મુજબ છે :

1. ગ્રંથનામ અને ગ્રંથકર્તાની જવાબદારી
2. આવૃત્તિ
3. અંકક્રમ અને કાળક્રમ વર્ષ
4. પ્રકાશન કે વિક્રેતાની માહિતી તેમજ
5. ભૌતિક માહિતી વગેરે.

**મુખ્ય નોંધનું માળખું**

| | | |
|---|---|---|
| વર્ગાંક<br>ગ્રંથાંક | ગ્રંથનામ | : પેટા ગ્રંથનામ. – આવૃત્તિ. – ગ્રંથ, અંક (માસ, |
| | | વર્ષ) – ગ્રંથ, અંક (માસ, વર્ષ) – સ્થળ : પ્રકાશ, પ્રકાશન વર્ષ.<br>ભૌતિક માહિતી. – (ગ્રંથમાળા, ક્રમ). – નોંધ વિભાગ |

સામયિક નોંધમાં સમાંતર ગ્રંથનામ અને ગ્રંથનામની વધારાની માહિતી પુસ્તકની નોંધની જેમ આપવી.

દા.ત., Helpage India : Research Development Journal

(1) **કર્તૃત્વકથન :** AACR–IIR નિયમ નં. 12.1B1 & 11F મુજબ સામયિકનું નામ નોંધ્યા પછી સામયિકના કર્તૃત્વકથન માટે જવાબદાર વ્યક્તિઓ, સંસ્થાઓ અથવા એકમોનું નામ નિયમ 1.1.F પ્રમાણે આપવું.

દા.ત., Quarterly Review / Soil Association

(2) **આવૃત્તિ :** AACR–IIR નિયમ નં. 12.2B2 મુજબ આ વિગતની માહિતી નીચેના કારણોસર આપવી, અન્યથા નહીં. દા.ત., સામયિકનો ખાસ અંક ભૌતિક વિશેષતાઓ, ભાષા આવૃત્તિ–હિન્દી, ગુજરાતી, અંગ્રેજી.

(3) **સામયિકના સંપૂટની વિગત** AACR–IIR નિયમ નં. 12.2F1 મુજબ સામયિકના પ્રથમ ગ્રંથની વિગત અને પ્રથમ અંકની વિગત રજૂ કરવી.

દા.ત., Vol. 1, No. 1 (April, 1964)

Vol. 1, No. 2 (February, 1983)

સૂચિકરણ કરતી વખતે જો સામયિકનો પ્રથમ ગ્રંથનો પ્રથમ અંક ન હોય તો, ગ્રંથાલયમાં જે ગ્રંથનો અંક પ્રાપ્ત હોય તેનાથી આ વિગત નોંધના આ વિભાગમાં રજૂ કરવી. ત્યારબાદ (–) લઘુરેખા મૂકીને, જો સામયિક પ્રકાશન ચાલુ હોય તો તે દર્શાવવા. (–) લઘુરેખા કરીને કૌંસમાં (ગ્રંથ, અંક, માસ, વર્ષ) ની વિગતો આપવી/લખવી. તેટલી જગ્યા

છોડવી અને જો સામયિક પ્રકાશન બંધ પડી ગયું હોય તો તેનો છેલ્લો ગ્રંથ અને તેના અંકનાં આનુષંગિક માસ અને વર્ષની વિગત નોંધવી.

દા.ત., Vol. 1, No. (Jan.–Feb., 1963), Vol. 25, No. 6(Nov.–Dec. 1988)

**(4) સામયિકના પ્રકાશનની વિગત :** AACR–IIR નિયમ નં. 12.4D1 અને 12.4F2 મુજબ કોઈપણ સામયિક હોય તેને પ્રકાશન કરતી પ્રકાશન સંસ્થા, વેપારી ગ્રહ અંગેની વિગત નોંધમાં સામયિકનું પ્રકાશન સ્થળ લખ્યા પછી (:) કોલન વિસર્ગચિહ્ન મૂકીને સામયિક પ્રકાશન કરનાર સંખ્યાનું નામ અને ત્યાર બાદ (,) અલ્પવિરામ મૂકી સામયિક પ્રકાશન વર્ષ લખાવું.

દા.ત., Vadodara : Gujarat Pustakalaya Sahayak Sahkari Mandal, 2010

**(5) ભૌતિક વર્ણન વિભાગ :** AACR–IIR નિયમ નંબર 12.5 મુજબ આ વિભાગમાં સામયિકના પૃષ્ઠનો સંખ્યાની વિગત લખવામાં આવતી નથી. પરંતુ તેની જગ્યાએ ગ્રંથાલયમાં સામયિકોને બંધાવીને (બાઉન્ડ વેલ્યુમાં) સંગ્રહમાં આપવામાં આવતા કુલ ગ્રંથોની સંખ્યાનો ઉલ્લેખ થાય છે. ગ્રંથાલયમાં પ્રાપ્ત સામયિકના કુલ ગ્રંથની વિગત / સંખ્યા પેન્સિલથી લખવામાં આવે છે અને સામયિક બંધ પડે, ત્યારે આ વિગત સાહીથી લખાય છે. આ વિગત પછી કૌંસમાં ગ્રંથમાળા હેઠળ જો કોઈ સામયિક પ્રકાશિત થતું હોય તો તેની વિગત રજૂ કરવામાં આવે છે.

દા.ત., 108G ; ill.; 25 cm + 18 maps (col.; 65 x 90 cm)

ઉપરોક્ત ઉદાહરણ મુજબ સંલગ્ન સામગ્રીની વિગત માત્ર નિયમિતપણે પ્રકાશિત સામયિક હોય તો જ આપવી.

જ્યારે સામયિક પ્રકાશન ચાલુ હોય તો ત્રણ અક્ષરો જેટલી જગ્યા છોડીને સંલગ્ન સામગ્રીનું નામ આપવું.

દા.ત., v. : ill; 21 cm + slideds

v. : 24 cm + microfish

**(6) ગ્રંથમાળા વિભાગ (Series Area) :** AACR–IIR નિયમ નં. 12.6 B1 મુજબ ભૌતિક વર્ણન વિભાગન વર્ણન પછી (.–) પૂર્ણવિરામ અને આડી લીટી કરી કૌંસમાં ગ્રંથમાળાનો ઉલ્લેખ કરવો, ગ્રંથમાળાનં મથાળું લખ્યા પછી (;) સેમી કોલન કરી ગ્રંથમાળાનો નંબરનો ઉલ્લેખ કરવો અને ત્યારબાદ કૌંસ પૂર્ણ કરવું.

**(7) નોંધ વિભાગ :** AACR–IIR નિયમ નં. 12.7-B મુજબ સામયિકની સામયિકતાનો પ્રકાર તેમજ તેની પ્રકાશનની સમયાવધિનો ઉલ્લેખ દા.ત., સાપ્તાહિક (Weekly), પાક્ષિક (Fortnightly) માસિક (Monthly), દ્વૈમાસિક (Bi-monthly), ત્રૈમાસિક (Quarterly), અર્ધવાર્ષિક (Half-Yearly), વાર્ષિક (Yearly) વગેરે વિશેષણથી કરવો જોઈએ.

**(8) માનાંક નંબર – ISSN :** AACR–IIR 1.8B અને 12.8 C1 મુજબ દર્શાવવું. AACR–IIR ની સૂચિનિયમાવલિની આવૃત્તિમાં સામયિકનું સૂચિકરણના કાર્યો માટે જ્યારે તેની મુખ્ય નોંધ બનાવવામાં આવે છે, ત્યારે નોંધ વિભાગ (Note Area) માટે નિયમો જેવા કે 12.7 અને 12.7 B1 થી 12.7 B2-3 માં આપેલ નિયમોને આધિન સૂચિનોંધ બનાવવી જોઈએ.

**8.2.4 ક્રમિક પ્રકાશનની મુખ્ય નોંધનો નમૂનો :**

Indian Journal of Agricultural Economics

ISSN 0019-5014

Vol. 59 January–Mach 2004 No. 1

Indian Society of Agricultural Economics, Mumbai

- Other Information :

Call No. : 630.5 IND

Published Scine : 1940 : Quarterly

Size : 24 cm

**મુખ્ય નોંધ (Main Entry)**

| | | |
|---|---|---|
| 630.5<br>IND | Indian | Journal of Agricultural Economic |
| | | .-Vol. 1, No. 1. Mumbai : Indian Society of Agricultural Economics, 1940<br>58G : ill; 24 cm<br>Quarterly<br>ISSN : 0019-5014<br>1. Agricultural Economic – Periodicals |

## 8.3 ક્રમિક પ્રકાશનની વિશેષતાઓ અને જટિલતાઓ (Limitations & Complications of Serial Publication)

**8.3.1 વિશેષતાઓ (Limitations) :**

(1) ક્રમિક પ્રકાશન (સામયિક) નિયમિત કાલાન્તરે પ્રગટ થવાની ભાવના સાથે અસ્તિત્વમાં આવે છે. દા.ત., દૈનિક (Daily), સાપ્તાહિક (Weekly), અર્ધસાપ્તાહિક (Half Weakly), પાક્ષિક (Fortnigs), માસિક (Monthly), દ્વિમાસિક (Bi-monthly), ત્રિમાસિક (Quarterly), છમાસિક (Half yearly), વાર્ષિક (Yearly) વગેરે.

(2) ક્રમિક પ્રકાશનના પ્રત્યેક અંકનાં લેખો (Articls) સામાન્ય રીતે એક વિશિષ્ટ વિષયના (Special Subject) વિવિધ પાસાને સ્પર્શતા હોય છે.

(3) ક્રમિક પ્રકાશનો વર્ષ દરમિયાન ઓછામાં ઓછા એક ગ્રંથમાં (Volume) કે તેથી વધુ ગ્રંથોમાં પ્રકાશિત થાય છે.

(4) ગ્રંથ (Volume) માટે નિર્ધારિત અંકોની સંખ્યા પૂરી થતાં તે પૂર્ણ ગ્રંથ (Complete Volume) બને છે.

(5) ક્રમિક પ્રકાશનના પ્રત્યેક અંક ઉપર એક સંખ્યા (Number) અને ગ્રંથ સંખ્યા (Volume) પ્રકાશન તારીખ (Date of Publication) અને સામયિકતા (Periodicity) ISSN Number વગેરે વિગતો દર્શાવેલી હોય છે.

**8.3.2 જટિલતાઓ (Complications) :**

ક્રમિક પ્રકાશનની નિયમિતતાના આદર્શ સાથે અસ્તિત્વમાં આવતાં સામયિકોની વિચિત્રતા તો એ છે કે તેની પ્રકાશન અને અન્ય અનિયમિતતા કલ્પના અને સંભવિતતાથી પર છે.

કવચિત, અનિયમિતતા અને પરિવર્તનશીલ સામયિકોનો અનિવાર્ય ગુણધર્મ બની રહેલ છે.

**તમારી પ્રગતિ ચકાસો**

**નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.**

**1. ક્રમિક પ્રકાશન એટલે શું ?**

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

**2. ક્રમિક પ્રકાશનની મુક્ય નોંધના વિભાગો જણાવો.**

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

**3. ક્રમિક પ્રકાશનની સામયિકતાના પ્રકારો જણાવો.**

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

....................................................................................

**4. ક્રમિક પ્રકાશનોના સૂચિકરણની કેટલીક સમસ્યાઓ જણાવો.**

....................................................................................

....................................................................................

....................................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

## 8.4 ક્રમિક પ્રકાશનોનાં ઉદાહરણો (Examples of Serials Publications) :

**ઉદાહરણ – 1 :**

The Indian Economic Review
Vol. 36, Jan.–April 2000 No. 1
Motilal Banarsi Dass
Delhi

- Other Information :

  Call No. : 330.05 N65
  Date of First Issue : 1965
  Size : 26 cm
  Periodicity : Three Issues a year
  Library Holding : Vol. 1-12 and 17-36
  and still being receiving in the Library.

**મુખ્ય નોંધ (Main Entry)**

| | | |
|---|---|---|
| 330.05<br>N65 | Indian | . Economic Review .– Vol. 1, No. 1 (1965). – |
| | | Delhi : Motilal Banarasi Dass, 1965<br>V.; 26 cm<br>Three Issues a year<br>Library has V1 (1965) – V12 (1976); V17 (1981) –<br>1. Economic Periodicals |

**પૂરક નોંધ – વિષય (Added Entry – Subject)**

| | | |
|---|---|---|
| 330.05<br>N65 | | ECONOMICS – PERIODICALS<br><br>Indian Economic Review .– Vol. 1, No. 1 |
| | | (Rest as in the main entry) |

ઉદાહરણ – 2 :

Reserve Bank of India
Bulletin
June 2004
RBI EMBLAM
Volume Lviii No. 6

- Other Information :

Call No. : 332.105 R432

Size : 28 cm

**Note :** Editional Committee Editor Muneesh Kapur, Published for the Reserve Bank of India, Mumbai. English Edition : Started as Monthly from 1947, Still of Published Regularly.

**મુખ્ય નોંધ (Main Entry)**

| | | |
|---|---|---|
| 332.105<br>R432 | | Reserve Bank of India Bulletin. – |
| | | English ed. .– Vol. 1, No. 1 (January 1947). – Mumbai : Researve Bank of India, 2004<br>V.; 28 cm<br>Monthly<br>1. Banks and Banking Periodicals |

**પૂરક નોંધ – વિષય (Added Entry – Subject)**

| | | |
|---|---|---|
| | | BANKS AND BANKING – PERIODICALS |
| 332.105<br>R432 | Reserve Bank of India Bulletin. – | |
| | | English Ed. Vol. 1, No. 1<br>(Rest as in the main entry) |

**ઉદાહરણ – 3 :**

Journal of American Chemical Society

Editor

Joseph Bergor

New Pergamon Press

New York

- Other Information :

  Call No. : 540.50973 N73

  Size : 30 cm

**Note :** This periodical is a quarterly publication. It completes its volume in one calander year. The library subscribed it and possesses all the volumes up to 1986 and then discuntinued.

**મુખ્ય નોંધ (Main Entry)**

| | | |
|---|---|---|
| 540.50973<br>N73 | Journal of American Chemical Society. – | |
| | | Vol. 1 (1973). – Vol 14 (1986) .– New Yorks : New Pergamon Press, 1973-1986<br>14V.; 30 cm<br>Quarterly<br>1. Chemistry – Periodical I American Chamical |
| | Society | |

**પૂરક નોંધ – વિષય (Added Entry – Subject)**

| | | |
|---|---|---|
| | | CHEMISTRY – PERIODICAL |
| 540.50973 | | |
| N73 | Journal of American Chemical Society | |
| | | (Rest as in the main entry) |

**પૂરક નોંધ – આયોજક (Added Entry – Sponsered)**

| | | |
|---|---|---|
| 540.50973 | | American Chemical Society |
| N73 | Journal of American Chemical Society | |
| | | (Rest as in the main entry) |

**ઉદાહરણ – 4 :**

The Career Development
Quarterly
Sponsered by The National Career
Development Association
Vol. 1, No. 1, 1952

- Other Information :

  Call No. : 370.11305 N52

  Size : 28 cm

  ISBN : 0889-4019

**Note :** This is a Quarterly Periodical. Library Subscribed all the periodical begining to till date.

**મુખ્ય નોંધ (Main Entry)**

| | | |
|---|---|---|
| 370.11305<br>N52 | Career Development Quarterly / Sponsered by National | |
| | | Career Development Association .– Vo. 1 (1952) .– V46 (1997) .– [s.l. : s.n.], 1952-1997.<br>46V.; 28 cm<br>1. Education – Periodicals I National Career |
| | Development Association. | |

**પૂરક નોંધ – વિષય (Added Entry – Subject)**

| | | |
|---|---|---|
| 370.11305<br>N52 | | EDUCATION – PERIODICALS<br>Career Development Quarterly |
| | | (Rest as in the main entry) |

**પૂરક નોંધ – સંયોજક (Added Entry – Sponsered)**

| | | |
|---|---|---|
| 370.11305<br>N52 | Career | National Cereer Development Association<br>Development Quarterly |
| | | (Rest as in the main entry) |

**ઉદાહરણ – 5 :**

The Mathematics Educations
A Quarterly
Journal Devoted to Mathematics
Education and Research
Publisher & Printer
Prasad J. B. (Siwan) Indian
(Institution Library)

- Other Information :

  Call No. : 510.705 MAT
  Size : 24 cm
  Date of 1st Issue : 1967
  Peridicity : Quarterly
  Library has Vols. : 1 to 15
  Volume : xxxviii(1)
  ISBN : 0047-6269, March 2004

**મુખ્ય નોંધ (Main Entry)**

| | | |
|---|---|---|
| 510.705<br>MAT | Mathametics Education Vol. 1, No. 1 (1967). – | |
| | | Vol. 38, No. 1 (March, 2004) .– Siwan (Bihar) : Prasad J. B. Sage Publication.<br>v.; 24 cm<br>Quarterly<br>ISBN : 0047-6269<br>I. Mathematics Education – Periodicals |

**પૂરક નોંધ – વિષય (Added Entry – Subject)**

| | | |
|---|---|---|
| | | MATHEMATICS EDUCATION – PERIODICAL |
| 510.705 | | |
| MAT | Mathematics Educations | |
| | | (Rest as in the main entry) |
| | | ○ |

**ઉદાહરણ – 6 :**

Journal of Indian Council of Philosophical Research

Vol. VI, No. 1, Sept.–Dec., 1988

Editor : D. P. Chattopadhyaya

Indian Council of Philosophical Research,

New Delhi

- Other Information :

  Call No. : 105

  Size : 24 cm

  Date of 1st Issue :

  Peridicity : Three Issues a Year

**Note :** Library has all the volumes. There is a statement that the subscription depatant is Motilal Banarsidas, Delhi.

**નોંધ :** (1) AACR–IIR નો નિયમ નંબર 12.1F3 દર્શાવે છે કે ક્રમિક પ્રકાશનોના વ્યક્તિ સંપાદકો સંબંધી કર્તૃત્વ વિભાગમાં કર્તૃત્વની જવાબદારી કથન તરીકે નોંધ કરવી નહીં.

(2) AACR–IIR ના નિયમ 12.7 મુજબ Periodicity ની નોંધ Note Sectionમાં કરવી.

**મુખ્ય નોંધ (Main Entry)**

| | | |
|---|---|---|
| 105<br>N82 | Journal of Indian Council of Philosphical Research. | |
| | | – Vo. 1, No. 1 (1982) .– New Delhi : Indian Council of Philosophical Research; Delhi : Motilal Banarsidass, 1982.<br>v.; 24 cm<br>Three Issue a Year<br>Library has Vol. 1 (1982) +<br>1. Philosophy – Perodicals I Indian Council of Philosophical Research. |

**પૂરક નોંધ – વિષય (Added Entry – Subject)**

| | | |
|---|---|---|
| 105<br>N82 | | PHILOSOPHY – PERIODICALS |
| | Journal of Indian Council of Philosophical | |
| | | (Rest as in the main entry) |

**પૂરક નોંધ – અર્થન અંગ (Added Entry – Corporate Body)**

| | | |
|---|---|---|
| 105 | | Indian Council of Philosophical Research |
| N82 | Journal of Indian Council of Philosophical | |
| | | (Rest as in the main entry) |

તમારી પ્રગતિ ચકાસો

નોંધ : i. નીચે આપેલ જગ્યામાં તમારો ઉત્તર લખો.

ii. એકમના અંતે આપેલ ઉત્તર સાથે તમારો ઉત્તર ચકાસો.

5. નીચે દર્શાવેલ બે ઉદાહરણોનું સૂચિકરણ કરો.

ઉદાહરણ – 1 :

**The Law Quarterly Review**

**Vol. 15, April 1989**

**Sterans & Sons Ltd., London**

- **Other Information :**

**Call No. : 340.05**

**Size : 25 cm**

**Date of 1st Issue : 1985**

**ISBN : 0023-933X**

**The Library Holdings : Vol. 52 (1937) to Vol. 57 (1942) Vol. 65 (1950)**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

ઉદાહરણ – 2 :

**Gandhi Marg**

**Quarterly Journal of the Gandhi Peace Founcation**

**Vol. 25, No. 4, January – March 2004**

**Library Subscribes English Edition**

- **Other Information :**

**Call No. : 335.4105 GAN**

**Size : 24.5 cm**

**Date of 1st Issue : 1979**

**Periodicity : Quarterly**

**Library has Vols. : All the volume**

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 8.5 એકરૂપ શીર્ષક / મથાળાંઓ એટલે શું ? (What is Uniform Title ?)

AACR–IIR અનુસાર એકરૂપ શીર્ષક / મથાળાંઓની વ્યાખ્યા આ પ્રમાણે આપવામાં આવી છે.

® **વ્યાખ્યા :**

"કોઈ વિશિષ્ટ શીર્ષક કે જેના દ્વારા સૂચિકરણના હેતુસર કૃતિની ઓળખ થાય છે, કોઈપણ કૃતિના વિશિષ્ટ શીર્ષક કે જે અન્ય કૃતિના શીર્ષકથી ભિન્ન દર્શાવવા માટે પ્રયુક્ત કરવામાં આવી હોય, તેમજ એક રૂઢિગત મુજબ સંયુક્ત શીર્ષક કે જે કોઈ એક કર્તા, સંકલનકર્તા અથવા સમષ્ટિકર્તાની અનેક કૃતિઓ અથવા તેનો સારદોહન વગેરેને વ્યવસ્થિત રીતે ગોઠવવા અને ઉપયોગ કરવા માટે ઉપભોક્તાઓને સરળ બને તે માટે હોય. ઉદાહરણ તરીકે સંપૂર્ણ કૃતિઓનો સંગ્રહ, કોઈ એક સાહિત્ય સ્વરૂપ અથવા સંગીતાત્યક સ્વરૂપની અનેક કૃતિઓ વગેરે દર્શાવવા માટે ઉપયોગી બને છે.

AACR–IIR અનુસાર પવિત્ર ગ્રંથો તેમજ અન્ય કોઈપણ કૃતિની આવૃત્તિઓ અને અનુવાદો સાથે જુદા જુદા ગ્રંથનામથી પ્રગટ થઈ હોય ત્યારે તેવી બધી જ કૃતિઓનાં નોંધને એક સાથે લાવવા એટલે એકરૂપ શીર્ષક (Uniform Title) તરીકે ઓળખવામાં આવે છે.

દા.ત., Bible, Vedas, Koran, Upnishads વગેરે ગ્રંથો.

જ્યારે કોઈ એક કર્તાની સંપૂર્ણ કૃતિઓ તેમજ પસંદગીની કૃતિઓ અથવા કોઈપણ પુસ્તકનું લાંબું શીર્ષકના સ્થાને તેમની જ જાણીતી / પ્રચલિત શીર્ષકથી પણ ઓળખાતું હોઈ શકે છે. આ બધી જ બાબતોને આપણે નીચે દર્શાવેલ વિભાગો અને પેટાવિભાગો દ્વારા સ્પષ્ટ કરીશું જેથી તમને સૂચિકરણના કાર્યમાં કોઈ સમસ્યાઓ રહેશે નહીં.

® **એકરૂપ ગ્રંથનામો (Uniform Titles) :**

એકરૂપ ગ્રંથનામ એટલે વિશેષ ગ્રંથનામવાળી કૃતિ જે વિવિધ ગ્રંથનામો હેઠળ પ્રકાશિત થયેલી હોય અને ગ્રંથાલય સૂચિમાં એક જ ગ્રંથનામથી ઓળખી શકાય. AACR–IIR માં આ સૂચિનોંધ માટેના નિયમો પ્રકરણ 25 માં આપ્યા છે. એકરૂપ ગ્રંથનામવાળી રચનાઓના અનુવાદો, સંપાદનો જુદાં જુદાં સમયે અને જુદાં ગ્રંથનામ હેઠળ સમયાંતરે પ્રકાશિત થતાં રહે છે, તેને એક જ મથાળાં હેઠળ ગ્રંથાલય સૂચિમાં એક સાથે રાખી શકાય છે. આથી જ ગ્રંથાલયમાં આવતા ઉપભોક્તાઓ એકરૂપ મથાળાંઓવાળી કૃતિઓની રચનાઓને એકરૂપ મથાળાં હેઠળ ઓળખી શકે અને સરળતાથી શોધી શકે છે.

### 8.5.1 એકરૂપ શીર્ષકોની જરૂરિયાત (Need for Uniform Titles) :

એકરૂપ શીર્ષકની જરૂરિયાતને ઉદાહરણ દ્વારા ખૂબ જ સારી રીતે સમજાવી શકાય છે.

દા.ત., એક ઉપભોક્તા વેદોના વિવિધ સંસ્કરણોમાં રસ ધરાવે છે. તેથી તે અંગેની સૂચિનોંધ AACR–IIR માં એક જ જગ્યાએ એકત્રિત રાખવાનો રસ્તો બતાવ્યો છે. સૂચિનોંધમાં ચાર વેદો જેવા કે,

(1) અથર્વવેદ (2) ઋગ્વેદ (3) સામવેદ અને (4) યજુર્વેદ ને સૂચિનોંધમાં નીચે મુજબ નોંધવામાં આવશે.

Vedas : Atharvaveda

Vedas : Rigveda

Vedas : Samaveda

Vedas : Yajurveda

ઉપરોક્ત તમામ વેદોને એકરૂપ શીર્ષક હેઠળ એક જગ્યાએ એકત્રિત કર્યા છે. અનુવાદક અથવા ટીકાકાર / વ્યાખ્યાકાર અથવા અન્ય કોઈ ગૌણકર્તા માટે પૂરકનોંધ બનાવવામાં આવે છે.

આ પ્રકારની એકરૂપ શીર્ષક વિવિધ ધર્મોના પવિત્ર ધર્મગ્રંથોના કિસ્સામાં બનાવવામાં આવે છે. કેટલાંક પુસ્તકો તેમની પોતાની ટૂંકા શીર્ષકોથી વધુ સારી રીતે ઓળખાય છે. જ્યારે તેના શીર્ષક પૃષ્ઠ (Title Page) ઉપર મુદ્રિત શીર્ષક (Title) થોડા અલગ હોય છે.

દા.ત., પ્રસિદ્ધ અંગ્રેજી સાહિત્યકારે વિલિયમ શેક્સપિયરની સુપ્રસિદ્ધ કૃતિ 'હેમલેટ'ને તમે જાણો છો. તેનું મૂળ નામ / શીર્ષક "The Tragical History of Hamlet, Prince of Demmark" છે. પરંતુ ભાગ્યે જ કોઈ પણ ઉપભોક્તા / વાચક આ પુસ્તકની મૂળ નામ / શીર્ષકથી પૃચ્છા કરે છે, કારણ કે તે 'Hamlet' નામથી વધારે સુવિખ્યાત છે. આમ છતાં આ કિસ્સામાં શીર્ષક વિભાગમાં એકરૂપતા બનાવવામાં આવે છે, મુખ્ય નોંધના શીર્ષકમાં નહિ. કેટલાક સંગ્રહિત કૃતિઓની અથવા કર્તાની કૃતિઓના પસંદગીના સંગ્રહની પણ એકરૂપ શીર્ષક બને છે.

દા. ત., (1) Sean O. Casey ની સંપૂર્ણ કૃતિઓની એકરૂપ શીર્ષક નોંધ નીચે મુજબ બનશે.

Casey, Sean O.

[Works]

Complete Works of Sean O. Casey

(2) Somerset Maugham નાં સંગ્રહિત નાટકોની એકરૂપ શીર્ષક નોંધ નીચે મુજબ બનશે.

Maugham, W. Somerset

[Plays]

Collected Plays of W. Somerset Maugham

**8.5.2 એકરૂપ શીર્ષક સંબંધી નિયમો (Rules Governing Uniform Titles) :**

AACR–IIR ના એકરૂપ ગ્રંથનામના / શીર્ષકના પ્રકરણમાં નીચે મુજબ નિયમો આપવામાં આવ્યા છે.

(1) વ્યક્તિગત ગ્રંથનામો માટેના નિયમો 25.3 થી 25.36

(2) સંગ્રહિત ગ્રંથનામોના નિયમો 25.8 થી 25.12

(3) ચોક્કસ પ્રકારની રચના માટેના વિશિષ્ટ નિયમોમાં કાયદા સંધિના નિયમો 25.15 થી 25.16

(4) પવિત્ર ધર્મગ્રંથો માટેના નિયમો 25.17 થી 25.18 m.

(5) પ્રાર્થના પોથીઓ માટેના નિયમો 25.19 થી 25.24 અને

(6) સંગીતની રચનાઓ અંગેના નિયમો 25.25 થી 25.35 વગેરે નિયમો વિસ્તૃત રીતે આપવામાં આવ્યાં છે.

એકરૂપ શીર્ષકનો હેતુ કોઈપણ પુસ્તકની વિવિધ આવૃત્તિઓ, જે વિવિધ શીર્ષકો હેઠળ પ્રકાશિત થયેલા હોય તેની સૂચિનોંધો એક જગ્યાએ એકત્રિત કરવાનો છે. આમ છતાં AACR–IIR માં એકરૂપ શીર્ષક / ગ્રંથનામો તૈયાર કરવા માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી :

(1) કૃતિની રચના કેટલી પ્રચલિત છે ?

(2) કૃતિનાં કેટલા સંસ્કરણો જ્ઞાત છે ?

(3) શું કૃતિની મુખ્ય નોંધ ગ્રંથનામ હેઠળ છે ?

(4) શું કૃતિની રચના મૂળ સ્વરૂપે છે કે કોઈ અન્ય ભાષામાં હતી ?

AACR–IIR અનુસાર એકરૂપ ગ્રંથનામ નિયમ 25.4 મુજબ કોઈપણ કૃતિની રચનાનો ગ્રંથનામને 'એકરૂપ ગ્રંથનામ' મથાળાં તરીકે પસંદ કરવા માટે નીચેના લક્ષણોને ધ્યાનમાં રાખી પસંદગી કરવામાં આવે છે.

(1) સંબંધિત કૃતિ આધુનિક સંદર્ભ સ્રોતોમાં સ્થાન પામેલ હોય.

(2) આધુનિક આવૃત્તિઓમાં ગ્રંથનામ વારંવાર સ્થાપિત થયેલું હોય.

(3) પૂર્વેની આવૃત્તિઓ દ્વારા ગ્રંથનામ વારંવાર સ્થાપિત થયેલું હોય.

(4) ગ્રંથનામ કે જે હસ્તપ્રતોની નકલમાં વારંવાર જોવા મળે.

(5) જો કોઈ કૃતિના વિવિધ સંસ્કરણો ભિન્ન ભિન્ન શીર્ષકો હેઠળ પ્રગટ થયેલા હોય તો તમારે એકરૂપ શીર્ષક તરીકે એક શીર્ષક પસંદ કરવું.

